# ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર ગાંધીજી-જવાહર અને સરદારને યાદ કરી કોંગ્રેસની ગાથા ગાઈ રહ્યા છે શંકરસિંહ વાઘેલા

## ખેડબ્રહ્મામાં કોંગ્રેસની જાહેર સભા યોજાઈ

ખેડબ્રહ્મા, તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં કોંગ્રેસની જાહેરસભાનું ગુરુવારે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસના કાર્યકરો સહીત લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

ખેડબ્રહ્માના સરદાર ચોકમાં લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાએ જાહેરસભાને સંબોધતાં ગુજરાતની ભાજપ સરકારને આડે હાથે લીધી હતી અને આકરા પ્રહારો કર્યા હતા. બાબરી મસ્જીદનો વિવાદીત ઢાચો માત્ર મત માટે તોડવામાં આવ્યો હતો. રામ મંદિરની ઈંટોનો કોઈ હિસાબ નથી. ગાંધીજી-જવાહર નહેરુ અને સરદાર પટેલને યાદ કરી ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદી કોંગ્રેસની ગાથા ગઈ રહ્યા છે ભાજપના કાર્યકર્તાઓ તમે મારા કરતાં નરેન્દ્ર મોદીને વધુ નથી ઓળખતા ભાજપ એ પાર્ટી નથી રહી માત્ર આ વ્યકિત પુજા થઈ ગઈ છે. કોઈની લીટી ભૂંસીને નાની ન કરવી જોઈએ પોતાની લીટી મોટી કરવી જોઈએ.

આ પ્રસંગે કોંગ્રેસના કાર્યાલયનું પણ ઉદઘાટન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના જિલ્લા પ્રભારી ભાર્ગવ ઠક્કર-જિલ્લા પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ તથા ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ સહીત સ્થાનિક કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સભાનું સંચાલન દેવીસિંહ આઈ. સોલંકીએ કર્યું હતું.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# પાલનપુરમાં નવા ઓવરબ્રિજ પર વાહન વ્યવહાર શરૂ કરાયો



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર-અમદાવાદ હાઈ-વે પર આખરે ત્રણ વર્ષ બાદ ઓવરબ્રિજ તૈયાર થઈ જતા તેને નાગરિકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. પરિણામે વાહન ચાલકોમાં ખુશી જોવા મળી હતી. પાલનપુર-અમદાવાદ હાઈ-વે પર રેલવે ફાટકને લીધે થતી ટ્રાફિક સમસ્યાને લઈ તંત્ર દ્વારા ત્રણ વર્ષ અગાઉથી ઓવર બ્રિજ બનાવવાનું કામ ચાલતું હતું. આથી નાગરિકો અને વાહનચાલકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા હતા. ત્યારે ઓવરબ્રિજનું તાજેતરમાં જ કામ પૂર્ણ થતા આ ઓવરબ્રિજને વાહનચાલકો માટે ખુલ્લો મુકાતા વાહનચાલકો અને આમ પ્રજામાં ખુશાલી જોવા મળી હતી. અને દરરોજ સર્જાતી ભારે ટ્રાફિક જામની સ્થિતિથી વાહન ચાલકોને છુટકારો મળ્યો હતો.

## મજરા પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત : ૩ ઘાયલ

હિંમતનગર, તા.૧૮

ચિલોડા-હિંમતનગર માર્ગ પર મજરા ચોકડી પાસે આજે સવારે પુરપાટ ઝડપે દોડી આવતી કાર અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં કારની ટક્કરે ઘવાયેલ બાઈક સવાર યુવાન સહિત ત્રણને શરીરે ઈજાઓ થતા સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ચિલોડા-હિંમતનગર હાઈવે પર મજરા ત્રણ રસ્તા નજીક હિંમતનગર તરફથી ચિલડા જતી કાર નં. જીજે-૯ એ-જી ૨૩૩૬ના ચાલકે બેફામ રીતે કાર હંકારી આગળ પસાર થતા બાઈકને ટક્કર મારી હતી. આથી બાઈક ચાલક યુવાન દિલીપભાઈ કાન્તિભાઈ પટેલ (રહે. અનવરપુરા) પત્ની અને પુત્ર સાથે માર્ગ પર પછડાયા હતા. જયારે કાર ચાલક ટક્કર મારી કાર ઘટના સ્થળે થોડી નાસી છૂટયો હતો. અકસ્માતમાં ઘાયલ યુવાન અને તેમની પત્નીને શરીરે ઈજાઓ થતા હિંમતનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.



(તસવીર : ચેતન રામી)

ચૂંટણીને લઈને સમગ્ર રાજયમાં ધીમે ધીમે ગરમાવો વધી રહ્યો છે ત્યારે પાટણમાં ભાજપના જ કાર્યકરો વચ્ચે અચાનક જ હોબાળો મચી ગયો હતો. આજે સિધ્ધપુરના ભાજપના કાર્યકરો પોતાની માંગણીઓ સાથે પાટણ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે રજુઆત અર્થે આવ્યા હતા. જયાં અચાનક નજીવી બાબતે ભાજપના જ કાર્યકરો વચ્ચે છુટ્ટા હાથની મારા મારી થઈ હતી આથી ભારે હોબાળો મચી ગયો હતો અને ઉત્તેજના ભર્યું વાતાવરણ સર્જાયું હતું. બાદમાં જિલ્લાના નેતાઓ તાત્કાલિક દોડી આવ્યા હતા અને સમગ્ર મામલો થાળે પાડયો હતો.

## આજે હરિભાઈ જિલ્લાના આઠ ગામમાં ચૂંટણી પ્રચાર કરશે

બનાસકાંઠા સંસદીય લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર હરિભાઈ ચૌધરી આજે જિલ્લાના આઠ વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરશે. શનિવારે સવારે ૧૦ કલાકે સરાલ, બાદમાં ધાખા, થાવર, નેનાવા, કુંવારલા, ડુગડોલમોટી, અનાપુર ગઢ અને રૂણીમાં જઈ તમામ આગેવાનો તેમજ કાર્યકરો અને સમર્થકોની સાથે ચૂંટણી પ્રચાર કરશે તેમ મીડીયા કન્વીનરે જણાવ્યું હતું.

## થાવર માર્ગ પર રીક્ષા પલ્ટી ખાતા ત્રણને ઈજા

ધાનેરા, તા. ૧૮

ધાનેરા પંથકમાં માર્ગ અકસ્માતોનો સિલસિલો લગાતાર ચાલુ છે. ત્યારે આજે થાવર માર્ગ પર એક પેસેન્જર રીક્ષા પલ્ટી ખાતા ત્રણ મુસાફરોને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જ્યારે અન્ય ચાર વ્યક્તિઓને પણ ઓછા-વત્તા પ્રમાણમાં ઈજાઓ થતા ૧૦૮ મારફતે સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## એએમટીએસના રૂટ નંબર ડાઈવર્ટ થતા લોકો પરેશાન

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનોની જરૂરીયાતને ધ્યાનમાં લીધા વિના જ બીઆરટીએસ રૂટનો ઉપયોગ વધારવા માટે એએમટીએસના રૂટ નંબર ડાઈવર્ટ થતાં લોકો હેરાન-પરેશાન થઈ ગયા છે. જેથી તેઓને ના છૂટકે રીક્ષાના પૈસા અને બીઆરટીએસના પૈસા ચુકવવા પડે છે. અમદાવાદ શહેરમાં સોલા હાઉસીંગ બોર્ડ વિસ્તારની એએમટીએસ રૂટ નંબર ૬૫ અને ૬૧ અચાનક જ ડાઈવર્ટ કરી દેવામાં આવ્યા છે. પહેલા આ રૂટની ૨૦૦-૩૦૦ નંબર બસની ફિકવન્સી ઘટાડી દેવામાં આવી ત્યાર બાદ ૬૧-૬૫ના રૂટ ડાઈવર્ટ કરી દેવામાં આવ્યા. ત્યાંના લોકો માટે આશીર્વાદરૂપ સમાન આ બસોના રૂટ બદલી નાંખવાથી અને ફિકવન્સી ઘટાડી દેવાથી સોલા વિસ્તારના હાઉસીંગ બોર્ડમાં રહેતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

# ખેડબ્રહ્મા હાઈ-વે પર બાઈક ટ્રક પાછળ ઘુસી જતા અકસ્માતમાં બે ના મોત

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા હાઈ-વે પર બે દિવસ પહેલા મોડી રાત્રે બે બાઈક સવારનું બાઈક માર્ગમાં ઉભેલ ટ્રકની પાછળ ઘુસી જતા એક બાઈક સવારનું ઘટના સ્થળે અને બીજાનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ખેડબ્રહ્મા હાઈ-વે પર બે દિવસ અગાઉ મોડી રાત્રે ૨.૩૦ વાગ્યાના સમયે લલીતભાઈ કરમાભાઈ પરમાર તથા તેમની પાછળ બેઠેલ કાન્તીભાઈ વાઘાભાઈ પરમાર (બન્ને રહે. ગોલવાડા, તા. પોશીના) બાઈક નં. જીજે-૯-ક્યુ-૧૯૫૪ પર જઈ રહ્યા હતા ત્યારે બાઈક ચાલકે લલીતભાઈએ પોતાની પાસેનું પુરપાટ ઝડપે હંકારી હાઈ-વે પર આવેલ હોટલ આગળ ઉભેલ ટ્રક પાછળ ઘુસાડી દેતા બાઈકચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું જ્યારે બાઈક પાછળ સવાર કાન્તીભાઈ પરમારનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. આ અકસ્માત અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને કામસિંગ પરમારે લલીતભાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## દેવપુરામાં ગોગા મહારાજનો પાટોત્સવ યોજાયો

પ્રાંતિજના દેવપુરામાં ગોગા મહારાજનો ચોથો પાટોત્સવ ધામધૂમ રીતે ઉજવવામાં આવ્યો હતો. આ ચતુર્થ પાટોત્સવમાં મુખ્ય યજમાન તરીકે જગતસિંહ ચૌહાણ ભવાનીસિંહ તથા ધૂળસિંહ, મિલકતસિંહ રાઠોડ અને કે.જી. રાઠોડ વગેરે ભાવિકોએ યજ્ઞમાં લાભ લીધો હતો. ઉપરાંત હજારો ભક્તોએ દર્શન અને ભોજન લઈ ધન્યતા અનુભવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ચૌહાણ પરિવાર દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

## કરોડોનો ખર્ચ છતાં મોડલ રોડની હાલત હજુ કફોડી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂા. ૧૧૦ કરોડથી પણ વધુના ખર્ચે શહેરમાં મોડલ રોડ બનાવવામાં આવ્યા છે. ફેઝ-૧ અને ફેઝ-૨ માં જે-તે વિસ્તારમાં મોડલ રોડ બનતાની સાથે જ તે રોડ ઉપર બેસતાં ફુટપાથ વાળા અને લારીઓ વાળાને ખસેડી દેવામાં આવ્યા હતા. પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશનની બેદરકારીને લીધે થોડા સમય પછી ફુટપાથ વાળા અને લારીઓ વાળા મોડેલ રોડ પર પોતાની જગ્યાએ આવીને ઉભા રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોડેલ રોડ બનાવતા ત્યાં બેસતાં લોકોને તેમની આજુબાજુની ગલીઓમાં ઉભા રહેવા માટેની જગ્યા આપી હતી તેઓ ત્યાં ગોઠવાઈ પણ ગયા હતા, પરંતુ સમય જતાં જતાં લારીઓ અને ફુટપાથ વાળા સવારથી સાંજ અંદર ગલીઓમાં પોતાને ફાળવવામાં આવેલી જગ્યા પર રહે અને સાંજ પડતાં એટલે કે અંધારુ થતાં લોકો બહારના રસ્તે આવીને ગોઠવાઈ જતાં.

# ભિલોડા તાલુકાના પાલબાવળીયા ગામમાં ખેતરમાં આગ લાગતાં ખેડુતને હજ્જારો રૂપિયાનું નુકસાન



ભિલોડા, તા. ૧૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના પાલબાવળીયા ગામમાં ઘઉંના ખેતરમાં આગ લાગતાં ખેડુતને હજ્જારો રૂપિયાનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. પાલબાવળીયા ગામના સીમ વિસ્તારમાં આવેલ ખેતરમાં ઘઉંના ઉભા પાક ઉપરથી વીજળીની લાઈન પસાર થઈ રહી હતી ત્યારે જોરદાર પવનની થપાટોને લીધે વીજ લાઈનના લુંઝ લટકતા તાર ભેગા થઈ જતાં વીજ વાયરના તણખા ઘઉંના ખેતરમાં પડતાં ઘઉંનો પાક બળી ગયો હતો. પાલબાવળીયા ગામના ખેડુત કાનજીભાઈ રામજીભાઈ પરમારને હજ્જારો રૂપિયાનું નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.

ભિલોડા તાલુકાના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ યુ.જી.વી.સી.એલ.ના કર્મચારીઓની આડોડાઈ, ઢીલાશના કારણે ઘઉંના પાક ઉપર વીજ વાયરના તણખલાં ઝરતાં ઘઉંનો પાક બળી ગયો છે. પાલબાવળીયા ગામના ખેડૂતને નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે. કાનજીભાઈ રામજીભાઈ પરમાર રહે. પાલબાવળીયા સીમવિસ્તાર સર્વે નંબર. ૬૫ માં આવેલ ખેતરમાં ઘઉંનું વાવેતર મોટા પાયે કરેલ હતું. પાલબાવળીયા ગામના ગ્રામજનોની એકતાના કારણે પ્રજાજનોએ તાબડતોબ ઘઉંના ખેતરમાં પાણીનો મારો ચલાવી મહામહેનતે ઘઉંના ખેતરમાં લાગેલી આગ ઉપર કાબુ મેળવી લીધો હતો ત્યારે મોટા પાયે ઘઉંના પાકનો ચમત્કારીક રીતે બચાવ થયો હતો પરંતુ ખેડુતને હજ્જારો રૂપિયાનું નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે. ભિલોડા તાલુકાના પાલબાવળીયા ગામના જાગૃત ખેડૂતના જણાવ્યા મુજબ યુ.જી.વી.સી.એલ.કંપનીના વર્ષો જુના થાંભલા, વીજ વાયરો જાણે કે ખેતરોમાં ઝુલતા મીનારા જેવા લટકતા રહે છે. ક્યારેક- ક્યારેક પવનની થપાટોને કારણે વીજ તારો ભેગા થવાના લીધે તણખલાં ઝરતા હોય છે. ખેડૂતોના હાથમાં આવેલો કોળીયો જોત-જોતામાં ઝુંટવાઈ જતો હોય છે. વીજ તાર ભેગા થવાના કારણે ખેડૂતોના રીંગબોર, કુવામાંથી પાણી ખેંચવાની સબમર્સીબલ મોટરો પણ ક્યારેક-ક્યારેક બળી જાય છે. ખેડુતોને ક્યારેક-ક્યારેક મોટાપાયે નુકશાન સહન કરવાનો વારો આવે છે.

યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓ ધ્વારા થાંભલાઓ ઉપરની લાઈનોનું સમારકામ સત્વરે હાથ ધરવામાં આવે તેવી જાગૃત ખેડૂતો અને પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

## ભિલોડા આર. જી. બારોટ એમ. એસ. ડબલ્યું.કોલેજમાં શુભેચ્છા સમારોહ યોજાયો

ભિલોડા,તા.૧૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર. જી. બારોટ એમ. એસ. ડબલ્યું. કોલેજમાં સેમેસ્ટર-૪ માં અભ્યાસ કરતા તાલિમાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો.ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સહમંત્રી નયનાબેન કિર્તીકુમાર બારોટએ તાલિમાર્થીઓને ઉજ્જળ કારકીર્દી બને તે માટે શુભેચ્છા પાઠવી હતી.તાલિમાર્થીઓએ પોતાના અનુભવો,પ્રતિભાવો રજુ કર્યા હતા. ભિલોડા આર. જી. બારોટ એમ. એસ. ડબલ્યું., એમ. એડ્., બી. એડ્. કોલેજનો સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો. ભિલોડા એમ. એસ. ડબલ્યું.કોલેજ આચાર્ય કું. મિત્તલબેન બરંડાએ કાર્યક્રમનું સફળ સંચાલન કરેલ હતું.

# મોરબીમાં સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન

મોરબી, તા. ૧૮

મોરબીના જાહેર અગ્રણી બ્રિજેશભાઈ મેરજાના પુત્ર સ્વ. ડૉ. પ્રશાંત મેરજાની સ્મૃતિમાં દર વર્ષની માફક આ વર્ષે પણ ગરીબ દર્દીઓ માટે સર્વરોગ મેડીકલ ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો છે. આ નિદાન કેમ્પ આગામી તા. ૨૦ એપ્રિલે સવારે ૧૦ વાગ્યાથી મોરબીના શનાબા રોડ પર આવેલ સ્વામિનારાયણ મંદિર સંસ્કારધામ ખાતે યોજાશે.

આ સર્વરોગ નિદાન કેમ્પમાં ગરીબ અને જરિયાતમંદ દર્દીઓ માટે વિનામુલ્યે વિવિધ રોગોનું ચેકઅપ કરી આપવામાં આવશે આ નિદાન કેમ્પને પુ. પ્રેમપ્રકાશ સ્વામીજીના હસ્તે ખુલ્લો મુકાશે. આ નિદાન કેમ્પમાં મોરબીના જુદા જુદા રોગોના નામાંકિત તજજ્ઞો તેમની સેવાઓ આપશે. જેમાં જનરલ સર્જન ડૉ. જી.પી. ભાલોડીયા, ડૉ. આર. એમ. ભૂત, ઓર્થોપેડીક સર્જન ડૉ. વિનોદ કૈલા, ચામડીના નિષ્ણાંત ડૉ. જયેશ સનારીયા, કાન-નાક-ગળાના સર્જન ડૉ. પ્રેયસ પંડ્યા, સ્ત્રી રોગ નિષ્ણાંત ડૉ. અરવિંદ મેરજા, બાળરોગ તજજ્ઞ ડૉ. મનીષ સવારીયા, ડેન્ટલ સર્જન ડૉ. ધવલ પટેલ અને આંખના સર્જન ડૉ. શૈલેષ પટેલ વગેરે પોતાની સેવાઓ આપશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્વ. ડૉ. પ્રશાંત મેરજાનું છ વર્ષ પહેલા માર્ગ અકસ્માતમાં કરૂણ મોત થયું હતું ત્યારથી તેમની સ્મૃતિમાં દર વર્ષે આ પ્રકારના નિદાન કેમ્પ યોજવામાં આવે છે જેનો ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ મોટી સંખ્યામાં લાભ લે છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧